ઈન્વેસ્ટમેન્ટ

## વર્ષ 2020 સુધીમાં સ્ટાર્ટઅપની સંખ્યા 12000ને પાર કરી જાય તેવી અપેક્ષા

# સ્ટાર્ટ-અપ્સ માટે મોટો પડકાર ભંડોળ મેળવવાનો

સ્ટાર્ટઅપ ટોક
ડો. લલિત શર્મા

વિશ્વભરમાં ભારત સૌથી વધુ ઝડપે વૃદ્ધિ સાધતા સ્ટાર્ટઅપ બેઝ તરીકે ઉભરી આવ્યું છે અને 4400થી વધુ નવી કંપનીઓ સાથે ટેકનોલોજી આધારિત સ્ટાર્ટઅપ બાબતે ત્રીજા ક્રમે છે. દેશમાં સ્ટાર્ટઅપના ઉદભવમાં સરકારની ભુમિકા નોંધપાત્ર રહી છે. સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્ટેન્ડઅપ ઈન્ડિયા અને ડિજિટલ ઈન્ડિયા જેવી પહેલની મદદથી અનુકૂળ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ વિકસાવવામાં સફળતા મળી છે.

શિડ્યુલ્ડ કમર્શિયલ બેન્કની દેશભરમાં 1.5 લાખ બ્રાન્ચના વિશાળ નેટવર્ક મારફતે ભારત સરકાર દરેક જિલ્લા અને દરેક બ્લોકમાં સ્ટાર્ટઅપ વિકસાવવાનું વિઝન ધરાવે છે. ભારત સરકાર આગામી કેટલાંક વર્ષોમાં સ્ટાર્ટઅપની સંખ્યામાં નોંધપાત્ર વધારાનું લક્ષ્ય રાખી રહી છે અને વર્ષ 2020 સુધીમાં સ્ટાર્ટઅપની સંખ્યા 12000ને પાર કરી જાય તેવી અપેક્ષા છે. અપેક્ષાઓ ઉંચી છે તેવા સંજોગોમાં સપોર્ટ સિસ્ટમ પણ મજબૂત હોવી આવશ્યક છે તથા આ સ્ટાર્ટ-અપ્સ સામે સર્જાતી સમસ્યાઓ પ્રત્યે સંવેદનશીલભર્યું વલણ આવકાર્ય છે. અગાઉના સમયમાં સ્ટાર્ટ-અપ્સને ભંડોળ મેળવવામાં ભારે મૂશ્કેલીનો સામનો કરવો પડતો હતો. તાજેતરના એક સર્વેમાં જણાયું છે કે વર્ષ 2015માં ભારતમાં શરૂ થયેલાં 388 ટેકનોલોજી આધારિત સ્ટાર્ટઅપમાંથી માત્ર 21ને જ ભંડોળ મેળવવામાં સફળ રહ્યાં હતાં. એસોસિયેટેડ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ઓફ ઈન્ડિયા (એસોચેમ) અને ગ્રાન્ટ થોર્નટોન ઈન્ડિયાના તાજેતરના અહેવાલમાં પણ આજ પ્રકારની સમસ્યાને દર્શાવાઈ હતી.

સ્ટાર્ટ-અપ્સ મુખ્યત્વે મૂડી અને મૂડીના સ્રોતોની સમસ્યાનો સામનો કરે છે. નેશનલ એસોસિયેશન ઓફ સોફ્ટવેર એન્ડ સર્વિસિસ કંપની (નાસ્કોમ) અને ઝિન્નોવના તાજેતરના અહેવાલ પ્રમાણે વિશ્વભરમાં ભારત સૌથી યુવાન સ્ટાર્ટ-અપ રાષ્ટ્ર છે. એક અંદાજ મૂજબ ભારતમાં 72 ટકા સ્ટાર્ટ-અપ્સની શરૂઆત યુવા ઉદ્યોગ સાહસિક દ્વારા કરવામાં આવે છે જેમની ઉંમર 35 વર્ષથી નીચે છે. નાસ્કોમના વર્ષ 2015ના અહેવાલ મૂજબ ભારતમાં સ્ટાર્ટ-અપ સ્થાપકની સરેરાશ ઉંમર માત્ર 28 વર્ષ છે. આ દર્શાવે છે કે ભંડોળ મેળવવાની સમસ્યા દેશના યુવાનોને સીધી અસર કરે છે.

ભારતમાં લગભગ 90 ટકા સ્ટાર્ટ-અપ પ્રથમ પાંચ વર્ષમાં જ નિષ્ફળ નિવડે છે. આઈબીએમના અહેવાલ મૂજબ સ્ટાર્ટ-અપ્સને વૃદ્ધિના પ્રારંભિક તબક્કામાં પર્યાપ્ત ભંડોળની ઓછી ઉપલબ્ધતા મુખ્ય સમસ્યા છે. બેન્કો સ્ટાર્ટ-અપ્સને ટાળે છે કારણકે તેઓ પરંપરાગત કારોબારને ભંડોળ આપવામાં વધુ રૂચિ રાખે છે, નહીં કે ઉંચું જોખમ ધરાવતા કારોબાર. મોટાભાગના સ્ટાર્ટ-અપ્સ નવા વિચારો અથવા નવી ટેકનોલોજી ઉપર કામ કરે છે, જેની સાથે ઉંચું જોખમ પણ સંકળાયેલું હોય છે.

કામગીરીના પ્રારંભિક તબક્કામાં સ્ટાર્ટ-અપ્સ પાસે ક્રેડિટ હિસ્ટ્રી હોતી નથી તેમજ નાના અને મધ્યમકદના કારોબાર માટે કુબજ ઓછી ક્રેડિટ રેટિંગ કંપનીઓ છે, જેઓ આ સ્ટાર્ટ-અપ્સ માટે રોકાણની પ્રક્રિયા વધુ જટિલ બનાવે છે. આ સંજોગોમાં વેન્ચર કેપિટાલિસ્ટ સ્ટાર્ટ-અપ્સ માટે ભંડોળ મેળવવાનું સૌથી આકર્ષક સ્રોત છે. પર્યાપ્ત નાણાકીય ભંડોળ અને નવા વિચારો આધારિત સાહસોમાં રોકાણ કરવાના ઉદ્દેશ્ય સાથે વીસી કંપનીઓ સ્ટાર્ટ-અપ્સને પ્રારંભિક સહયોગ અને કેટલાંક કિસ્સામાં માર્ગદર્શન પણ આપે છે, જેથી સ્ટાર્ટ-અપ્સને અસરકારક શરૂઆત કરીને ટકી રહેવામાં મદદ મળી રહે છે. ભારતમાં વેન્ચર કેપિટાલિસ્ટ સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમનો મહત્વપૂર્ણ હિસ્સો છે. ભારતમાં મોટી સંખ્યામાં સ્ટાર્ટ-અપ્સ વીસી પાસેથી બંડોળ મેળવે છે, પરંતુ દેશમાં વીસીની ઓછી સંખ્યા એક સમસ્યા છે.

સ્ટાર્ટ-અપ્સ માટે આ સમસ્યા છે. ઘણાં સ્ટાર્ટ-અપ્સને વેન્ચર કેપિટાલિસ્ટ્સનો સંપર્ક કરવામાં મૂશ્કેલીનો સામનો કરવો પડે છે તો કેટલાંક કિસ્સામાં રોકાણકારનું માળખું સ્ટાર્ટ-અપ માટે અયોગ્ય હોય છે. આ સ્થિતિમાં સ્ટાર્ટ-અપ્સ માટે સરકારી ભંડોળ સિવાય કોઈ વિકલ્પ બાકી રહેતો નથી. સરકારે ઈનવેસ્ટમેન્ટ ચેનલ મારફતે ભંડોળ બનાવ્યું



છે, પરંતુ કારોબારના તમામ પ્રકારો માટે તે ઉપલબ્ધ નથી. વર્ષ 2016ના બજેટને ધ્યાનમાં લઈએ તો જણાશે કે સરકારે આગામી નાણાકીય વર્ષ માટે ટેક-આધારિત સ્ટાર્ટ0અપ્સ માટે બજેટમાં પાંચગણા વધારો કર્યો હતો. સરકારે ટેકનોલોજી આધારિત સ્ટાર્ટ-અપ્સ માટે કુલ ભંડોળ રૂ. 40 કરોડથી વધારીને રૂ. 200 કરોડ કર્યું છે.

આ ઉપરાંત સ્ટાર્ટઅપ ઈન્ડિયા સ્કીમ હેઠળ એસસી/એસટી અને મહિલા ઉદ્યોગ સાહસિકો માટે રૂ. 500 કરોડ ફાળવવામાં આવ્યાં છે. દેશમાં સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપવા માટે સરકારે રૂ. 10,000 કરોડ ફાળવ્યાં છે. પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ સરકાર નાણાકીય વર્ષ 2016-17માં વિવિધ નવા અને પ્રવર્તમાન એન્ટરપ્રાઈઝિસને રૂ. 1.8 કરોડ માઈક્રોફાયનાન્સ તરીકે વહેંચવાની યોજના છે. નાણા પ્રધાને પણ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટે ઈન્ડિયા એસ્પિરેશન ફંડની જાહેરાત કરી છે અને વિવિધ વેન્ચર ફંડને રૂ. 400 કરોડ ફાળવ્યાં છે. તેમણે રૂ. 10,000 કરોડની ફાળવણી સાથે વધુ એક પ્રોગ્રામ સ્માઈલ (સીડબી મેક ઈન ઈન્ડિયા લોન ફોર સ્મોલ એન્ટરપ્રાઈઝિસ) પણ લોન્ચ કર્યો છે. આ સૂચવે છે કે સરકારી નાણાકીય સિસ્ટમ પાસે સ્ટાર્ટ-અપને ફાળવવા માટે પર્યાપ્ત ભંડોળ છે અને ભંડોળ મેળવવા માટે સારા સંસ્થાકીય વિકલ્પો ઉપલબ્ધ છે. સરકારની આ તમામ સપોર્ટ સિસ્ટમ ઉપલબ્ધ હોવા છતાં યુવા સ્ટાર્ટ-અપ્સ ભંડોળ સંબંધિત સમસ્યાનો સામનો કરે છે. ઘણાં સંશોધકો અને નિષ્ણાંતોનું કહેવું છે કે ભારતમાં ભંડોળ મેળવવાની પ્રક્રિયા જટિલ, લાંબી અને કપરી છે. નવા સ્ટાર્ટ-અપ્સ વૃદ્ધિ માટે સરળતાથી ભંડોળ મેળવી શકે તે સુનિશ્ચિત કરવા માટે સરકારે સક્રિય પગલા ભરવા જોઈએ. જો આમ નહીં થાય તો સ્ટાર્ટ-અપની ગતિ ધીમી પડી જશે અને આ સ્ટાર્ટ-અપ્સને વેગ આપવાની સરકારની નીતિ નિરર્થક નીવડશે.

(લેખક:ફેકલ્ટી, ઈડીઆઈઆઈ, અમદાવાદ છે)
lalit@ediindia.org